# અગ્રતા ક્રમ – ૫

**પ્રશ્નઃ–૧** ખાદ્યાન્ન કે અન્ય આવશ્યક ચીજવસ્તુઓ **અનઅધિકૃત સંગ્રહ થયેલી ક્યારે** કહેવાય? તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં, મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં, તાલુકાવાર ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે **કેટલા દરોડાઓ** પાડવામાં આવ્યા છે અને તે અંગે શુ કાર્યવાહી કરવામાં આવેલ છે?

**પ્રશ્નઃ–૨** જાહેર વિતરણ વ્યવસ્થા સાથે સંકળાયેલ ઇસમો અનઅધિકૃત રીતે જથ્થાનો સંગ્રહ કરતાં પકડાય તો **તેની વિરૂધ્ધ શા પગલાં** લેવામાં આવે છે?

**પ્રશ્નઃ–3** તાજેતરમાં રાજ્ય સરકારશ્રી દ્વારા શેના માટે **ખાસ તપાસ દળ** (S.I.T) **રચના** કરેલ છે?

**પ્રશ્નઃ–૪** રાજ્યમાં સરકાર માન્ય વાજબી ભાવની દુકાનેથી કાર્ડધારકોને **વિતરણ કરાતા જથ્થા સંબંધિત ફરિયાદો જાહેર જનતા** કઇ રીતે કરી શકે  છે?

**પ્રશ્નઃ–૫** દુકાનદાર દ્વારા કાર્ડધારકોને મળવાપાત્ર જથ્થા કરતાં ઓછો જથ્થો આપવા બાબતની **ફરિયાદો અન્વયે સરકારશ્રી દ્વારા શું કાર્યવાહી** કરવામાં આવેલ છે?

**પ્રશ્નઃ–૬** ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓના વેપારીઓનું (નિયમન કરવા બાબત) હુકમ, ૧૯૭૭ હેઠળ **વેપારીઓએ માટે કઇ જોગવાઇઓ** કરેલ છે?

**પ્રશ્નઃ–૭** ખાદ્યતેલ/ખાદ્યતેલીબીયાં/અનાજના ઉત્પાદક/વિક્રેતાઓએ વેપાર માટે **કોઇ લાયસન્સ** લેવા પડે છે ? અને ખાદ્યતેલ/ખાદ્યતેલીબીયાં/અનાજના ઉપર હાલમાં કોઇ નિયંત્રણો ન હોવા છતાં સદર **વિક્રેતાઓની કયા કાયદા હેઠળ તપાસો** કરવામાં આવે છે?

**પ્રશ્નઃ–૮** તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ શહેરમાં **ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવેલ છે** અને તે અંગે શુ કાર્યવાહી કરવામાં આવેલ છે ? અને તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સમગ્ર રાજયમાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ **ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કેટલા દરોડાઓ** પાડવામાં આવેલ છે અને તે અંગે શુ કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**પ્રશ્નઃ–૯** ખાદ્યતેલના વેપારીઓ માટે **કોઈ સ્ટોક મર્યાદા લાગુ** કરેલ છે કે કેમ ?

**પ્રશ્નઃ–૧૦ ગુ.રા.ના.પુ.નિ.લી. સંચાલિત ગોડાઉનો** પરથી દુકાનદારોને ઓછો જથ્થો ફાળવવામાં આવે છે તે પ્રકારના આક્ષેપો દુકાનદારો દ્વારા કરવામાં આવતા હોઈ આ બાબતે **સરકારશ્રી દ્વારા શું કાર્યવાહી કરવામાં** આવેલ છે?

**પ્રશ્નઃ–૧૧** આવશ્યક ચીજ–વસ્તુના સંદર્ભમાં **સીઝર અને રાજયસાત જથ્થાનો અર્થ** શું થાય છે?

**<u>પ્રશ્ન:-૧</u> ખાદ્યાન્ન કે અન્ય આવશ્યક ચીજવસ્તુઓ અનઅધિકૃત સંગ્રહ થયેલી ક્યારે કહેવાય? અને**

**તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં, મહેસાણા જિલ્લામાં, તાલુકાવાર ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા છે અને તે અંગે શુ કાર્યવાહી કરવામાં આવેલ છે?**

**<u>જવાબ:-</u> માનનીય અધ્યક્ષશ્રી,**

અનઅધિકૃત સંગ્રહ થયેલ જથ્થામાં બે બાબતોનો સમાવેશ થાય છે.

**(૧) <u>સ્ટોક મર્યાદાથી વધુ સંગ્રહ થયેલ હોય</u>:-**

કેન્દ્ર સરકાર દ્વારા જ્યારે કોઈ જણસી ઉપર આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ હેઠળ સ્ટોક મર્યાદા લાદવામાં આવેલ હોય ત્યારે તે મર્યાદાથી વધુ સંગ્રહ કરેલ જથ્થો અનઅધિકૃત ગણાય.

**(૨) <u>જથ્થો અનઅધિકૃત સ્થળે સંગ્રહ થયેલ હોય</u> :-**

જ્યારે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનો જથ્થો અનઅધિકૃત રીતે સંગ્રહ કે પરિવહન કરતો ઝડપાય ત્યારે

**માનનીય અધ્યક્ષશ્રી,**

તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કુલ-૧ (એક) દરોડા પાડવામાં આવેલ છે. આ દરોડો મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં પાડવામાં આવેલ છે.

| **જિલ્લો:– મહેસાણા** | | |
|---|---|---|
| **ખાદ્યાન્નનું નામ** | **રાજ્યસાત કરેલ જથ્થો (કિ.ગ્રા.)** | **રકમ (રૂ.)** |
| ઘઉં | ૧૬૦૬૦ | ૩,૫૩,૩૨૦/- |
| ચોખા | ૨૨૭૮૦ | ૫,૨૩,૯૪૦/- |
| **કુલ:** | **૩૮૮૪૦** | **૮,૭૭,૨૬૦/-** |

**- વધુમાં માન.અધ્યક્ષશ્રી,** તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં પુરવઠા તંત્ર દ્વારા વાજબી ભાવની દુકાનોની કરવામાં આવેલ તપાસ અન્વયે નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

| **મહેસાણા** | | |
|---|---|---|
| વર્ષ:- | **૨૦૨૧** | **૨૦૨૨** |
| કુલ તપાસ | ૨૧૭ | ૨૫૮ |
| સીઝર જથ્થાની કિંમત (રૂ.) | ૨,૪૯,૩૮૬/- | ૩,૮૫,૪૧૯/- |
| રાજયસાત જથ્થાની કિંમત (રૂ.) | ૧૦,૨૮,૧૬૦/- | ૧,૭૮,૨૫૬/- |
| પરવાના રદ | ૦૪ | ૦૪ |
| પરવાના મોકુફ | ૨૬ | ૦૯ |
| પરવાના અનામત | ૮,૫૮,૨૫૦/- | ૬,૩૯,૫૦૦/- |
| દંડ | ૭૫,૬૭,૫૪૯/- | ૪૦,૮૨,૮૦૫/- |

મુખ્ય પેજ પર જવા માટે

**<u>પ્રશ્ન:-૨</u> જાહેર વિતરણ વ્યવસ્થા સાથે સંકળાયેલ ઈસમો અનઅધિકૃત રીતે જથ્થાનો સંગ્રહ કરતાં પકડાય તો તેની વિરૂધ્ધ શા પગલાં લેવામાં આવે છે? અને**

**<u>જવાબ:-</u> માનનીય અધ્યક્ષશ્રી,**

જાહેર વિતરણ વ્યવસ્થા સાથે સંકળાયેલ ઈસમો અનઅધિકૃત રીતે જથ્થાનો સંગ્રહ કરતાં પકડાય તો તેની વિરૂધ્ધ નીચે મુજબના પગલાં લેવામાં આવે છે.

**(૧) <u>ખાતારાહે પગલાં ( પરવાના માટે)</u>**

- પરવાનેદારનો પરવાનો મોકૂફ કરી, નિયમોનુસાર સુનાવણીના અંતે, તેનો પરવાનો જરૂર જણાયે રદ્ઘ કરવામાં આવે છે.
- પરવાના અનામત પૂર્ણ અથવા અંશત: રાજ્યસાત કરવામાં આવે છે.
- જે તે નિયમોનુસાર નાણાંકીય દંડ વસુલાત કરવામાં આવે છે.

**(૨) <u>આવશ્યક ચીજ વસ્તુ અધિનિયમ-૧૯૫૫ અંતર્ગત અનઅધિકૃત જથ્થા બાબતે કરવાપાત્ર કાર્યવાહી</u>**

- તપાસ સમયે જે પણ શંકાસ્પદ જથ્થો જણાઈ આવે તેને તપાસણી અધિકારી દ્ધારા અન્ય નિર્ણય લેવાય ત્યાં સુધી “સીઝ” એટલે કે જે તે સ્થિતિમાં જાળવણી રાખવા હુકમ કરવામાં આવે છે.
- તે સીઝ કરેલ જથ્થા પર સક્ષમ સત્તાધિકારી દ્ધારા કેસ ચલાવી અર્ધન્યાયિક પ્રક્રિયા અનુસરીને રાજયસાત કરવામાં આવે છે.

**(૩) <u>ફોજદારી કાર્યવાહી</u>**

- આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ ફોજદારી અધિનિયમ હોઈ, તેનાં ભંગ બદલ ફોજદારી કાર્યવાહી એટલે કે પોલીસ કેસની જોગવાઈ પણ છે. ગુનો સાબિત થયેથી ૩ મહિનાથી ૭ વર્ષ સુધીની સજા (કેદ/દંડ) ની જોગવાઈ છે.

**(૪) <u>અટકાયતી પગલાં</u>**

કાળાબજાર નિવારણ અધિનિયમ-૧૯૮૦ હેઠળ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫માં સમાવિષ્ટ આવશ્યક ચીજવસ્તુ ભંગની જોગવાઈઓ સામે અટકાયતી પગલાંની જોગવાઈ પણ છે.

મુખ્ય પેજ પર જવા માટે

**<u>પ્રશ્ન:-૩</u> તાજેતરમાં રાજય સરકારશ્રી દ્વારા શેના માટે ખાસ તપાસ દળ (S.I.T) રચના કરેલ છે?**

**<u>જવાબ:-</u> માનનીય અધ્યક્ષશ્રી,**

રાજય સરકારશ્રીના ગૃહ વિભાગ દ્વારા ઠરાવ ક્ર: વસફ/૧૦૨૦૨૩/૮૪૫/ક, તા.૦૪/૦૩/૨૦૨૩ થી પુરવઠા વિભાગ હેઠળના સરકારી ગોડાઉન કે સસ્તા અનાજની દુકાનોમાં ગેરરિતિ કે ચોરીની ઘટના નિવારવા માટે અને થયેલ બનાવોના મૂળ સુધી પહોંચીને આરોપીઓને સજા કરી શકાય તે માટે રાજ્ય સ્તરની ખાસ તપાસ દળ (S.I.T) રચના કરવામાં આવેલ છે.

ખાસ તપાસ દળ (S.I.T) નો મુખ્ય ઉદેશ પુરવઠા તંત્ર તથા પોલીસતંત્ર વચ્ચે સંકલન સાધીને દરેક આચરવામાં આવેલ ગુનાના મૂળ સુધી પહોંચીને કોઇ ગુનેગાર છટકી ન જાય તે મુજબની પરિણામલક્ષી કામગીરી કરવાનું છે.

**<u>SIT (સ્પેશયલ ઇન્વેસ્ટીગેશન ટીમ) ના સભ્યોની નિમણુક:-</u>**

SIT (સ્પેશયલ ઇન્વેસ્ટીગેશન ટીમ) માં અધ્યક્ષ સહિત છ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં,

(૧) સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલવેઝના પોલીસ મહાનિરીક્ષકશ્રી- અધ્યક્ષ

(૨) અન્ન અને નાગરિક પુરવઠાના નિયામકશ્રી- સભ્ય

(૩) સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલવેઝના પોલીસ અધીક્ષકશ્રી- સભ્ય

(૪) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના મેનેજીંગ ડાયરેકટરશ્રી- સભ્ય સચિવ

(૫) સંબંધિત જિલ્લાના જિલ્લા પુરવઠા અધિકારીશ્રી- સભ્ય

(૬) સંબંધિત નાયબ પોલીસ અધીક્ષકશ્રી-સભ્ય

**<u>ખાસ તપાસ દળ (S.I.T) ની કામગીરી:-</u>**

(૧) દાખલ થયેલ ગુનાઓની સીટ દ્વારા સમીક્ષા કરીને તપાસ અધિકારીએ હાથ ધરેલ કાર્યવાહીની સમીક્ષા અને માર્ગદર્શન આપશે.

(૨) પોલીસ દ્વારા ગુનાઓની તપાસ પુર્ણ થયેલ છે તે ગુનાઓની પણ સમીક્ષા કરીને સુચિત કાર્યવાહી અંગે સંબંધિત પોલીસ અધિક્ષકશ્રીને જરૂરી સુચનો કરશે.

(૩) આ સમિતિએ દર માસે બેઠક કરીને કાર્યવાહીની સમીક્ષા નોંધ અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) અને માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ગૃહ) ને રજુ કરવાની રહેશે.

મુખ્ય પેજ પર જવા માટે

**<u>પ્રશ્ન:-૪</u> રાજ્યમાં સરકાર માન્ય વાજબી ભાવની દુકાનેથી કાર્ડધારકોને વિતરણ કરાતા જથ્થા સંબંધિત ફરિયાદો જાહેર જનતા કઈ રીતે કરી શકે છે?**

**<u>જવાબ:-</u> માનનીય અધ્યક્ષશ્રી,**

જાહેર વિતરણ વ્યવસ્થા (પીડીએસ) હેઠળ રાજ્ય ના ગરીબ અને જરૂરત મંદ લોકોને જીવન નિર્વાહ માટે રાજ્ય સરકાર દ્વારા નેશનલ ફૂડ NFSA (PHH અને AAY) યોજના હેઠળ સમાવિષ્ટ રેશન કાર્ડધારકોને દર માસે મળવાપાત્ર જથ્થો વિતરણ કરવામાં આવતા જથ્થા સંબંધિત, વાજબી ભાવની દુકાનદાર દ્વારા કરવામાં આવતી ગેરરીતિ કે રેશનકાર્ડને લગતી અન્ય રજૂઆત અન્વયે રાજ્ય સરકારશ્રી દ્વારા ઓનલાઈન https://ipds.gujarat.gov.in/પર તેમજ નીચે મુજબના ટોલ ફ્રી નંબર (હેલ્પ લાઈન નંબર) પર ફરિયાદ નોંધાવી શકે છે.

**(૧) પી.ડી.એસ. યોજના હેઠળના હેલ્પલાઈન નંબર - ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦,**
**(૨) વન નેશન વન રેશનકાર્ડ યોજના હેલ્પલાઈન નંબર- ૧૪૪૪૫**

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ કોઈ રેશનકાર્ડધારકને નિયત ભાવે કે અનાજ ઓછુ મળવા અંગે જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી તરીકે નિવાસી અધિક કલેકટરશ્રીને ફરિયાદ કરી શકે છે. અને નિવાસી અધિક કલેકટરશ્રીના નિર્ણયથી નારાજ હોઈ તો ગુજરાત રાજ્ય અન્ન આયોગ, ગાંધીનગરને અપીલ કરી શકે છે.

મુખ્ય પેજ પર જવા માટે

**<u>પ્રશ્ન:-</u>૫ ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓના વેપારીઓનું (નિયમન કરવા બાબત) હુકમ, ૧૯૭૭ હેઠળ વેપારીઓએ માટે કઇ જોગવાઇઓ કરેલ છે?**

**<u>જવાબ:-</u> માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓના વેપારીઓનું (નિયમન કરવા બાબત) હુકમ, ૧૯૭૭ માં વેપારીઓએ માટે નીચે મુજબની જોગવાઈઓ કરેલ છે.

- દરેક વેપારીઓએ દરરોજ ધંધાના સ્થળે જથ્થાબંધ/છુટક ભાવનો ઉઘડતો સ્ટોક અને આવશ્યક ચીજવસ્તુઓનો છુટક ભાવ પ્રદર્શિત કરવાનો રહેશે.
- કોઈપણ વેપારીએ કોઈપણ આવશ્યક ચીજવસ્તુ વેચવા નક્કી કરેલ અથવા દર્શાવેલ ભાવ કરતાં વધુ ભાવે આવશ્યક ચીજવસ્તુઓનું વેચાણ કરી શકશે નહી.
- કોઈપણ વેપારી, આવશ્યક ચીજવસ્તુના પુરવઠાની જાળવણી સહેલાઇથી મળવાપાત્ર હોય તેને બાધ આવે તેવી સટ્ટાની રીતે કોઈપણ આવશ્યક વસ્તુ ખરીદવાનું, વેચવાનું, અથવા વેચાણ માટે સંગ્રહ કરવાનુ, જેમાં સંડોવાયેલ હોય તેવો કોઈપણ સોદો કરવો નહી.
- કોઈપણ વેપારીએ જો તેની પાસે આવશ્યક ચીજવસ્તુનો જથ્થો હોય તો ,ગ્રાહકોને આવશ્યક ચીજવસ્તુના વેચાણનો પુરવઠો આપવાની ના પાડી શકશે નહી.
- કોઈપણ વેપારી કેશમેમો અથવા બિલ આપ્યા સિવાય આવશ્યક વસ્તુ વેચી શકશે નહિ.(રૂ.૧૫ થી વધુ) અને કોઇપણ વેપારી કેશમેમો અથવા બિલની બીજી નકલ રાખ્યા સિવાય એવો મેમો અથવા બિલ આપી શકશે નહી.
- વેપારીએ ધંધો કરતો હોય તેવી આવશ્યક ચીજવસ્તુનો ઉઘડતો સ્ટોક, દિવસ દરમ્યાન મેળવેલ સ્ટોક, આપેલ સ્ટોક અથવા બીજી રીતે ખસેડેલ સ્ટોક અને બંધ સ્ટોકનુ સાચી રીતે દર્શાવતુ દૈનિક સ્ટોકનુ રજિસ્ટર રાખવાનુ રહેશે .

મુખ્ય પેજ પર જવા માટે

**<u>પ્રશ્ન:-૬</u> ખાદ્યતેલ/ખાદ્યતેલીબીયાં/અનાજના ઉત્પાદક/વિક્રેતાઓએ વેપાર માટે કોઇજ્ઞ લાયસન્સ લેવા પડે છે ? અને**

**ખાદ્યતેલ/ખાદ્યતેલીબીયાં/અનાજના ઉપર હાલમાં કોઈ નિયંત્રણો ન હોવા છતાં સદર વિક્રેતાઓની કયા કાયદા હેઠળ તપાસો કરવામાં આવે છે ?**

**<u>જવાબ:-</u> માનનીય અધ્યક્ષશ્રી,**

- કેન્દ્ર સરકાર દ્ધારા આવશ્યક ચીજવસ્તુઓના અધિનિયમ- ૧૯૫૫ હેઠળ, ભારત સરકારશ્રીના ગેઝેટ હુકમ નં. G.S.R. 929(E) તા.૨૯/૦૯/૨૦૧૬ થી ખાદ્યતેલ /ખાદ્યતેલીબીયાં /અનાજ જેવી આવશ્યક ચીજવસ્તુ પરથી લાયસન્સની જરૂરિયાત, જથ્થા નિયંત્રણ તથા પરિવહન નિયંત્રણોને લગતાં તમામ પ્રકારના નિયંત્રણો દુર કરેલ છે.
- ખાદ્યતેલ/ખાદ્યતેલીબીયાં/અનાજના વેપારીઓ પુરવઠા વિષયક લાયસન્સ વગર મુક્ત રીતે વેપાર કરી શકે છે. પરંતુ, જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનો જથ્થો વેચાતો હોવાની આશંકાઓ હેઠળ આવા બિન પરવાનેદાર વિક્રેતાઓની તપાસો કરવામાં આવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (વેપારીઓનું નિયમન) આદેશ ૧૯૭૭ હેઠળ ખાદ્યપદાર્થોના વિક્રેતાઓની બિન પરવાનેદાર તરીકે તપાસો કરવામાં આવે છે.
- ખાદ્યતેલ/ખાદ્યતેલીબીયા/અનાજ/કઠોળના બિન પરવાનેદાર વેપાર કરતા આવા વિક્રેતાઓની તપાસમાં જણાયેલ ગેરરીતિઓ બદલ જથ્થો કબજે લેવામાં આવે છે.
- કબજે લીધેલ જથ્થા અન્વયે કેન્દ્ર સરકારના આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ- ૧૯૫૫ ની કલમ-૬એ હેઠળ જરૂરી કાનુની કાર્યવાહી કરીને સક્ષમ અધિકારીશ્રી દ્ધારા કબજે લીધેલ જથ્થાની મર્યાદામાં જથ્થો રાજ્યસાત કરવામાં આવે છે.

આવા વેપારીઓની જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનો જથ્થો વેચાતો હોવાની આશંકાઓ તથા કોઈપણ પ્રકારના આધાર પુરાવા એટલે કે જરૂરી સ્ટોકપત્રક, આવક-જાવકના હિસાબો નિભાવેલ ન હોવાના કારણોસર તપાસો કરવામાં આવે છે.

મુખ્ય પેજ પર જવા માટે

**<u>પ્રશ્ન:-૭</u> તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવેલ છે અને તે અંગે શુ કાર્યવાહી કરવામાં આવેલ છે ? અને**

**તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સમગ્ર રાજ્યમાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવેલ છે અને તે અંગે શુ કાર્યવાહી કરવામાં આવેલ છે ?**

**<u>જવાબ:-</u> માનનીય અધ્યક્ષશ્રી,**

તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે નીચે મુજબ દરોડા પાડવામાં આવેલ છે.

➢ અમદાવાદ શહેરમાં ખાદ્યાન્ન અને ખાદ્યતેલની છેલ્લા બે વર્ષમાં **૧૬** તપાસો કરવામાં આવી. તે પૈકી **૦૨** તપાસોમાં ખાદ્યાન્ન અને ખાદ્યતેલ ના ગેરકાયદેસર સંગ્રહ કરેલ હોવાનુ જણાયેલ છે.

**<u>તપાસો અન્વયે નીચે મુજબના પગલા લેવામાં આવેલ છે .</u>**

➢ ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલનો **૨૦૧૮૫ કિ.ગ્રામનો** જથ્થો કે જેની કિંમત **રૂ.૬,૩૦,૫૫૦**/-ની કબજે લેવામાં આવેલ છે. અને એક કેસમાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

**વધુમાં માન.અધ્યક્ષશ્રી,** તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં પુરવઠા તંત્ર દ્વારા વાજબી ભાવની દુકાનોની કરવામાં આવેલ તપાસ અન્વયે નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

➢ અમદાવાદ શહેરમાં વાજબી ભાવની દુકાનોની કુલ **૯૬૮** તપાસો કરવામાં આવી.

**<u>તપાસો અન્વયે નીચે મુજબના પગલા લેવામાં આવેલ છે .</u>**

➢ વાજબી ભાવની દુકાનોની છેલ્લા બે વર્ષમાં કરાયેલ તપાસોમાં **૨૬,૨૬૧ કિ.ગ્રામનો** જથ્થો કે જેની કિંમત **રૂ.૪,૦૧,૨૭૪**/-ની કબજે લેવામાં આવેલ છે.

➢ કબજે લીધેલ જથ્થા પૈકી કુલ **રૂ.૯૬,૨૯૧**/-ની કિંમતનો જથ્થો રાજયસાત કરવામાં આવેલ છે. દુકાનદાર સામે કેસ ચલાવીને **૨૮** પરવાના મોકુક કરવામાં આવ્યા

અને **૬** પરવાના રદ કરવામાં આવ્યા. અને **રૂ.૫,૧૮,૫૦૦**/– કિંમતની પરવાના અનામત રાજયસાત કરવામાં આવી. અને **રૂ.૩૨,૫૬,૩૬૯**/– કિંમતનો દંડ કરવામાં આવેલ છે. અને **એક દુકાનદાર** સામે પી.બી.એમ. કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સમગ્ર રાજયમાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કુલ **૧૯૪** દરોડાઓ પાડવામાં આવેલ છે.

આ દરોડામાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| કબજે લીધેલ જથ્થો (કિ.ગ્રા.) | ૧૭,૫૮,૬૩૯/- |
| રકમ (રૂ.) | ૩,૬૪,૩૨,૦૭૧/- |
| રાજ્યસાત કરેલ જથ્થો (કિ.ગ્રા.) | ૬,૬૧,૪૭૧/- |
| રકમ (રૂ.) | ૧,૩૯,૧૭,૯૭૪/- |

મુખ્ય પેજ પર જવા માટે

**<u>પ્રશ્ન:-૮</u> ખાદ્યતેલના વેપારીઓ માટે કોઈ સ્ટોક મર્યાદા લાગુ કરેલ છે કે કેમ ?**

**<u>જવાબ:-</u> માનનીય અધ્યક્ષશ્રી,**

ભારત સરકાર દ્વારા ખાદ્યતેલ અને ખાદ્યતેલીબિયાંના ભાવવધારાને ધ્યાને લઇ તા.૦૩ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ સ્ટોક લીમીટ દાખલ કરાયેલ છે, જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા **" ગુજરાત ખાદ્યતેલ અને ખાદ્યતેલીબિયાં (સંગ્રહ નિયંત્રણ) હુકમ, ૨૦૨૨ "** તા.૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ રાજ્યમાં ખાદ્યતેલ અને ખાદ્યતેલીબીયામાં નીચે મુજબ સ્ટોક લિમિટ દાખલ કરાયેલ છે, જે તા.૩૧ ડીસેમ્બર, ૨૦૨૨ સુધી અમલમાં રહેલ.

| અ.નં. | આવશ્યક ચીજવસ્તુનું નામ | છુટક | જથ્થાબંધ | જથ્થાબંધ ઉપભોકતા (છૂટક દુકાનોની મોટી શૃંખલા) | | પ્રોસેસર |
|---|---|---|---|---|---|---|
| | | | | છુટક વેચાણ માટે | સંગ્રહ માટે (ડેપો) | |
| ૧ | ખાદ્યતેલ | ૩૦ ક્વિંટલ | ૫૦૦ ક્વિંટલ | ૩૦ ક્વિંટલ | ૧૦૦૦ ક્વિંટલ | ૯૦ દિવસની સંગ્રહક્ષમતા |
| ૨ | ખાદ્યતેલીબીયા | ૧૦૦ ક્વિંટલ | ૨૦૦૦ ક્વિંટલ | --- | | ૯૦ દિવસની પ્રોડક્શન કેપેસીટી જેટલી સંગ્રહ મર્યાદા. |

મુખ્ય પેજ પર જવા માટે

**<u>પ્રશ્ન:-૯</u>  દુકાનદાર દ્વારા કાર્ડધારકોને મળવાપાત્ર જથ્થા કરતાં ઓછો જથ્થો આપવા બાબતની ફરિયાદો અન્વયે સરકારશ્રી દ્વારા શું કાર્યવાહી કરવામાં આવેલ છે?**

**<u>જવાબ:-</u>   માનનીય અધ્યક્ષશ્રી,**

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રેશનકાર્ડધારકોને મળવાપાત્ર જથ્થો પુરેપુરો મળી રહે તે માટે દરેક વાજબી ભાવની દુકાનો ખાતે ePoS (Point of Sale) ડીવાઇઝ સાથે ૨૦૦ કિ.ગ્રામ ઈલેકટ્રોનિક વજનકાંટાનું ઈન્ટેગ્રેશન કરવાની કાર્યવાહી હાથ ધરાયેલ છે.

દુકાનદાર દ્વારા રેશન કાર્ડધારકો કુટુંબના સભ્યોની ફિંગર પ્રિન્ટ લઈને, મળવાપાત્ર જથ્થો પુરતો મળેલ હોવાની કાર્ડધારકોને પહોંચ આપવામાં આવે છે.

## "<u>My Ration" Mobile App:-</u>

જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શક અને અસરકારક બનાવવા તથા નાગરિકોને રેશનકાર્ડની ઓનલાઇન સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવા **"My Ration" Mobile App** તૈયાર કરવામાં આવેલ છે.

જેમાં દરેક N.F.S.A. રેશનધારક તેના રેશનકાર્ડની વિગતવાર માહિતી, પરિવારના સભ્યોની વિગતો, પોતાને મળવાપાત્ર જથ્થાની વિગત, જથ્થાની કિંમત, છેલ્લા ૬ માસના વિતરણની વિગત તેમજ તેમની નજીકમાં આવેલ અન્ય વાજબી ભાવની દુકાન અંગેની વિગતોની પ્રાથમિક માહિતી સરળતાથી મેળવી શકે છે.

મુખ્ય પેજ પર જવા માટે

**<u>પ્રશ્ન:-૧૦</u> ગુ.રા.ના.પુ.નિ.લી. સંચાલિત ગોડાઉનો પરથી દુકાનદારોને ઓછો જથ્થો ફાળવવામાં આવે છે તે પ્રકારના આક્ષેપો દુકાનદારો દ્વારા કરવામાં આવતા હોઈ આ બાબતે સરકારશ્રી દ્વારા શું કાર્યવાહી કરવામાં આવેલ છે?**

**<u>જવાબ:-</u> માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ હસ્તકના ૨૫૦ જેટલા જિલ્લા/તાલુકા સ્તરના ગોડાઉન ઉપરથી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ૧૭,૦૦૦થી વધુ વાજબી ભાવની દુકાને ડોર સ્ટેપ ડીલીવરી દ્વારા અનાજ તથા અન્ય આવશ્યક ચીજ વસ્તુઓનો જથ્થો પહોંચાડવામાં આવે છે.

આ અન્વયે તાલુકા ગોડાઉન ખાતે થતી કામગીરીના મોનીટરીંગ માટે, ગેરરીતી અટકાવવા તથા સુદઢ વ્યવસ્થાના અમલીકરણ ના હેતુથી ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ હસ્તકના તમામ ગોડાઉન કેન્દ્રો ખાતે CCTV કેમેરા ગોઠવવામાં આવી રહેલ છે જે ને જીલ્લા પુરવઠા અધિકારીશ્રીની કચેરી ખાતેથી મોનીટરીંગ થઈ શકે તેવા પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી રહેલ છે. આ માટે વડી કચેરી ખાતેના હયાત કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરને સુદઢ કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નાગરીક પુરવઠા નિગમના ગોડાઉનથી જથ્થો વાજબી ભાવની દુકાને રવાના થાય એટલે વાજબી ભાવના દુકાનદારને અને તકેદારી સમિતિના સભ્યોને S.M.S થી જાણ થાય છે. ગોડાઉનમાંથી ડોર સ્ટેપ ડીલીવરીથી વાજબી ભાવની દુકાન ખાતે આવતો જથ્થો દુકાનદાર તથા તકેદારી સમિતિના સભ્યોની હાજરીમાં ઉતારવામાં આવે છે. દુકાનદાર દ્વારા આ અંગેની પહોંચ આપવામાં આવે છે.

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન:-૧૧ આવશ્યક ચીજ-વસ્તુના સંદર્ભમાં સીઝર અને રાજ્યસાત જથ્થાનો અર્થ શું થાય છે?**

**જવાબ:- માનનીય અધ્યક્ષશ્રી,**

આવશ્યક ચીજ-વસ્તુના સંદર્ભમાં સીઝર કરાયેલ જથ્થો અને રાજ્યસાત કરાયેલ જથ્થાનો અર્થ નીચે મુજબ થાય છે.

**સીઝર:**

આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ આવરી લેવાયેલ હોય તેવી જણસીઓના સંદર્ભમાં જો કોઇ વેપારી કે વ્યક્તિ દ્વારા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમનો ભંગ કરવામાં આવેલ હોય અથવા આવો ભંગ કરવામાં આવેલ હોવાની શંકાની બાબત ઉપસ્થિત થાય ત્યારે આવી આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાને જે તે સ્થિતિમાં સ્થગિત કરવા માટે તપાસણી અધિકારી દ્વારા કાયદાની રૂએ મળેલ સત્તાનો ઉપયોગ કરીને તપાસણી સ્થળ પર જ હુકમ કરવામાં આવે છે, તેને “સીઝર હુકમ" કહેવામાં આવે છે. સીઝર હુકમ એ કોઈ સજા નથી પરંતુ વચગાળા સમયગાળા માટે જથ્થાને જે-તે સ્થિતિમાં યથાવત રાખવા માટે કાયદાકીય સત્તા સોપણીથી કરાયેલ હુકમ છે, જે સામેની પેઢી/વ્યક્તિને બંધન કરતાં રહે છે.

**રાજ્યસાત:**

આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ આવરી લેવાયેલ હોય તેવી જણસીઓનાં સંદર્ભમાં સક્ષમ અધિકારીઓ દ્વારા સીઝર કરવામાં આવેલ જથ્થાના સંદર્ભમાં સક્ષમ અધિકારી (સામાન્ય રીતે જિલ્લા કલેક્ટરશ્રી) સુનાવણીની કાર્યવાહી કરે છે. કેસના ગુણ-દોષના આધારે નિયમોનુસાર કાર્યવાહી કર્યા બાદ તેઓશ્રીઓને મળેલ સત્તા અનુસાર સીઝર કરેલ જથ્થા પૈકી ૫ %, ૧૦ %, ૫૦ % કે ૧૦૦ % જથ્થો રાજ્યસાત કરવામાં આવે છે.

મુખ્ય પેજ પર જવા માટે